# 53

**લેન્ડ ગ્રેબીંગ (પ્રોહિબીશન )એક્ટ ૨૦૨૦ હેઠળ અમદાવાદ જિલ્લામાં ખાસ કોર્ટ**

***15/4/2395 શ્રી ઇમરાનભાઇ યુસુફભાઇ ખેડાવાલા**(જમાલપુર-ખાડિયા): **માનનીય કાયદા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે :-

| | **પ્રશ્ન** | | **જવાબ** |
|---|---|---|---|
| (૧) | તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ગુજરાત લેન્ડ ગ્રેબીંગ (પ્રોહિબીશન) એક્ટ ૨૦૨૦ હેઠળ તેમજ પોક્સો હેઠળના કેસો ઝડપથી ચલાવવા અમદાવાદ જિલ્લા ખાતે ખાસ કોર્ટની સ્થાપના કરવામાં આવેલ છે તે હકીકત સાચી છે, | (૧) | તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ગુજરાત લેન્ડ ગ્રેબીંગ (પ્રોહિબીશન) એક્ટ ૨૦૨૦ હેઠળ તેમજ પોક્સો હેઠળના કેસો ઝડપથી ચલાવવા અમદાવાદ જિલ્લા ખાતે એક પણ ખાસ કોર્ટની સ્થાપના કરવામાં આવેલ નથી. |
| (૨) | જો હા, તો ઉક્ત સ્થિતિએ ખાસ કોર્ટ ક્યારથી કાર્યરત કરવામાં આવેલ છે, અને | (૨) | પ્રશ્ન ઉપસ્થિત થતો નથી |
| (૩) | ઉક્ત સ્થિતિએ ઉક્ત ખાસ કોર્ટમાં છેલ્લા બે વર્ષમાં કેટલા કેસોનો નિકાલ કરવામાં આવ્યો અને કેટલા કેસો હાલમાં નિકાલ કરવાનો બાકી છે ? | (૩) | અમદાવાદ જિલ્લા ખાતે છેલ્લા બે વર્ષમાં ગુજરાત લેન્ડ ગ્રેબીંગ (પ્રોહિબીશન) એક્ટ ૨૦૨૦ હેઠળ કુલ ૨૪ કેસો નિકાલ થયેલ છે અને પોક્સો એક્ટ હેઠળના કુલ ૧૪૦૮ કેસોનો નિકાલ થયેલ છે તેમજ તા.૩૧/૧૨/૨૩ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં લેંડ ગ્રેબીંગ એક્ટ હેઠળ કુલ ૯૯ કેસોનો નિકાલ થયેલ નથી તેમજ પોક્સો એક્ટ હેઠળ કુલ ૧૨૦૧ કેસોનો નિકાલ થયેલ નથી. |

-------------------------